# બાયડ-ભુડાસણમાં કોરોના વિસ્ફોટ, ૭૦થી વધુ કેસ

## ભુડાસણમાં ૧૦ પોઝિટિવ કેસ આવતાં ગામમાં ફફડાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અરવલ્લીના બાયડ તાલુકામાં કોરોનાની સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. બાયડમાં જ ૫૦ થી વધુ પોઝિટિવ કેસ છે. અનેક લોકો હોમ ક્વોરન્ટાઈન થયા છે ત્યારે કોરોનાએ ગ્રામ્ય વિસ્તારને સકંજામાં લીધાના ગંભીર અહેવાલ સામે આવ્યા છે. બાયડ તાલુકાના ભુડાસણમાં ૧૦ થી વધુ પોઝિટિવ કેસ સામે આવતાં ગામમાં ફફડાટ પ્રસર્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા ભુડાસણ તથા આસપાસના વિસ્તારોમાં સર્વે કરી રેપિડ ટેસ્ટ કરાય તો પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવી શકે છે.

સમગ્ર રાજ્યમાં કોરોનાની ગંભીર સ્થિતિ ઉભી થઈ છે. કોરોનાના ભયાનક સ્વરૂપથી સરકાર અને આરોગ્ય તંત્ર અંદરખાને હચમચી ગયું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ દરમ્યાન શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કોવિડ-૧૯ના તમામ નિયમો નેવે મૂકી દેવાયા હોવાથી તેનાં ગંભીર પરિણામો હવે સામે આવી રહ્યાં છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં અગાઉની સ્થિતિએ વર્તમાન સમયમાં ચિંતાજનક કેસ સામે આવી રહ્યા છે. બાયડ તાલુકાના ભુડાસણમાં ૧૦ થી પણ વધુ પોઝિટિવ કેસ નોંધાયા હોવાથી સ્થાનિકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ૩ થી ૪ દિવસના ટૂંકા સમયમાં કોરોનાનું સંક્રમણ ગામમાં હાવિ થતાં આરોગ્ય વિભાગ દોડતું થયું છે.

કોરોનાનું સંક્રમણ રોકવા માટેના ધમપછાડા છતાં નવી લહેરમાં કોરોનાએ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ પકડ જમાવી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. અત્યાર સુધી તાલુકા મથકના શહેરી વિસ્તારોમાં કોરોનાના કેસ નોંધાતા હતા પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાએ સોશ્યલ ડિસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્કનું પાલન કર્યું હોવાના કારણે શહેરો કરતાં ગામડાઓમાં સંક્રમણ ઉપર ઝડપથી અંકુશ આવી ગયો હતો પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ ગયા પછી ગામડાઓમાં સંક્રમણ વધુ બેકાબુ બનવા લાગ્યું છે.

## કોરોનાથી પ્રવાસન સ્થળોને અસર : વિજયનગરની પોળોમાં પ્રવાસીઓ ઉપર ફરી પાબંધી લદાઈ

### હોળી-ધુળેટીમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટવાની દહેશતથી કલેક્ટરનું જાહેરનામું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

બેદરકાર લોકોએ કોરોનાને કોરોના સંક્રમણ વધુ બેકાબુ બને તેવી દહેશતના પગલે સાબરકાંઠા શહેરી વિસ્તારોમાં લોકડાઉનની સંભાવના વ્યક્ત થઈ છે પરંતુ માટે વિજયનગરની પોળો અને ટેન્ટ સીટી આકર્ષણનું કેન્દ્ર છે. ત્યાં





ગતિ આપી છે પરંતુ તેના કારણે પ્રવાસન સ્થળો સહિત અન્ય ધંધા-રોજગાર ચોપાટ થયા છે. છેલ્લા એક પખવાડીયામાં સાબરકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા તા.૨૭ માર્ચના રોજથી વિજયનગરના પોળો વિસ્તારમાં પ્રવાસીઓના આગમન ઉપર પાબંધી

### કયા વિસ્તારો પ્રતિબંધિત..

જિલ્લા કલેક્ટર દ્વારા હોળી-ધુળેટીને ધ્યાને રાખી પ્રવાસીઓના આગમન ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે જેમાં અભાપુર, ફોરેસ્ટ નાકા થી વણઝ ડેમ, વણઝ ડેમ થી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડને પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો છે. સ્થાનિક લોકો માટે કોઈ પ્રતિબંધ નથી.

### ૨૭ માર્ચથી ૨૫ મે સુધી તબક્કવાર પ્રતિબંધ..

સાબરકાંઠા કલેક્ટરે કોરોનાનું સંક્રમણ વધતાં જિલ્લાના પ્રવાસ સ્થળ વિજયનગર પોળોમાં પ્રવાસીઓના આગમન ઉપર પ્રતિબંધ લાદ્યો છે જેમાં તા.૨૭, ૨૮ માર્ચ, તા.૨, ૩, ૪, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૭, ૧૮, ૨૧ તથા ૨૫ એપ્રિલ સુધીનો પ્રતિબંધિત સમયગાળો નક્કી કરાયો છે.

જિલ્લા સહિત રાજ્યમાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. આગામી શનિ-રવિ-સોમ હોળી-ધુળેટીની જાહેર રજા છે જેથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ વિજયનગરના પોળો વિસ્તારમાં આવવાની સંભાવના છે. જેથી ફરમાવવામાં આવી છે. અત્યાર સુધીમાં પોળો વિસ્તારમાં પ્રવાસીઓ માટે ત્રીજીવાર પ્રતિબંધ લાદ્યો છે.

ગુજરાત અને દેશના અનેક રાજ્યમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. ગુજરાતમાં પણ અનેક સરકારે નકારી છે પરંતુ સાબરકાંઠામાં જે રીતે એક પછી એક કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે તેને લઈને વહીવટી તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. આરોગ્ય વિભાગ ખુદ હચમચ્યું છે. ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય હોય છે તેઓ કોરોનાના ડર વગર ૩ દિવસની રજાઓમાં મીની વેકેશન માણવા રવાના થઈ શકે છે. હાલની સ્થિતિમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં હોળી-ધુળેટી દરમ્યાન જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાના પ્રવાસીઓ આવવાની દહેશત છે જેથી સોશ્યલ ડિસ્ટન્સનો ભંગ થાય અને કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બનવાની પૂરી સંભાવનાને ધ્યાને લઈ અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા પોળો વિસ્તારમાં પ્રવાસીઓના પ્રવેશ ઉપર પાબંધીનું જાહેરનામું અમલી બનાવ્યું છે.

## અરવલ્લીમાં આંગણવાડી કેન્દ્રના ૩૬ હજાર બાળકોને બે જોડ સ્કુલ ડ્રેસનું વિતરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોનાની વધતી જતી મહામારીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પછી જોખમ વધ્યું છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હવે નવા શૈક્ષણિક વર્ષ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી તેના પ્રારંભ પૂર્વે જ અરવલ્લી જિલ્લાની ૧૪૫૦ આંગણવાડીના ૩૬,૩૯૬ બાળકો માટે ૨ જોડ ડ્રેસ મોકલવામાં આવ્યા છે. જેથી તાલુકા કક્ષાએ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા ડ્રેસ વિતરણની કામગીરી શરૂ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લા આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ આસીસ્ટન્ટ ફાલ્ગુનીબેન ચૌહાણના જણાવ્યા અનુસાર મહિલા અને બાળ કલ્યાણ વિભાગના આદેશ મુજબ આંગણવાડી કેન્દ્રોમાં માસ્ક બનાવવાની સૂચના આપવામાં આવી હતી જે પૂર્ણ થઈ છે. કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી રૂા.૫ ની મર્યાદામાં તૈયાર માસ્કની કામગીરી પૂર્ણ થયા પછી રાજ્ય સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોના બાળકો માટે ક્રીમ કલરના લાઈનિંગવાળા સ્કુલ ડ્રેસ મોકલવામાં આવ્યા છે જેનું વિતરણ કરવાની વ્યવસ્થા તાલુકા કક્ષાએથી શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારે સ્કુલ ડ્રેસમાં ક્રીમ કલરની લાઈનિંગવાળી ચડ્ડી અને શર્ટ તેમજ બાળકીઓ માટે સ્કટ અને શર્ટ મોકલ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## જિલ્લામાં શેરી શાળાઓ બંધ નહીં થાય તો પ્રાથમિક શિક્ષકો મોતના મુખમાં ધકેલાય તેવી સંભાવના

### પ્રાથમિક શિક્ષકો પણ કોઈના સંતાનો છે, શિક્ષણ વિભાગ માનવતા દાખવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોનાના કારણે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૫ માં પ્રત્યક્ષ શિક્ષણ હજુ



શરૂ થયું નથી. રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગના આદેશ અનુસાર પ્રા.શિક્ષકો માટે શેરી શાળાઓ શરૂ કરી છે જેમાં પ્રા.શિક્ષકોને જે તે વિસ્તારમાં જઈને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો હોય છે. અસહ્ય ગરમી અને અપૂરતી સવલત હોવા છતાં પણ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષકોએ નિષ્ઠાપૂર્વક શેરી શાળાઓમાં શિક્ષણ કાર્ય આપી રહ્યા છે પરંતુ છેલ્લા એક સપ્તાહથી



કોરોના બેકાબુ બન્યો છે. કોરોનાના કારણે જિલ્લામાં ૩ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. જેથી શેરી શાળામાં જતા શિક્ષકોને ખબર હોતી નથી કે કોણ સંક્રમિત છે..?? આ સંજોગોમાં



સત્વરે શેરી શાળાઓ બંધ નહીં થાય તો પ્રા.શિક્ષકો મોતના મુખમાં ધકેલાય તેવી દહેશત છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિએ પણ વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ શેરી શાળાઓ અંગે ફેરવિચારણા કરવી પડશે. પ્રા.શિક્ષકો પણ કોઈના સંતાનો છે અને તેમના ઉપર આખો પરિવાર નભે છે તે ભૂલવું જોઈએ નહીં.

શિક્ષક તરીકેની નોકરી મળી ત્યારથી જ શિક્ષકોને કોઈએ જાણે શ્રાપ આપ્યો હોય તેમ તેમની મુશ્કેલીઓ નિવૃત્ત થાય ત્યાં સુધી છેડો મૂકતી નથી. વિદ્યાર્થી સંખ્યા ઓછી થાય તો બદલી, યોગ્ય કામગીરી ન કરે તો ખુલાસા, શાળામાં વિદ્યાર્થી ન આવે તો લેવા માટે ગંદા-ગોબરા મહોલ્લાઓમાં જવું પડે, અન્ય સરકારી બાબુઓના નિયમિત પગાર થાય પરંતુ પ્રા.શિક્ષકોના પગાર ક્યારેય નિયમિત ન થાય, ગમે તેટલું કરો તો પણ જસના માથે અપજશનો ટોપલો અપાય, કોરોનાના મહાકાળમાં પણ જીવની પરવા કર્યા વગર સસ્તા અનાજની દુકાનોમાં પહોંચી અનાજ વિતરણની કામગીરી સંભાળવી, ઘેર..ઘેર સર્વેની કામગીરીમાં પણ જોડાયા, રસીકરણની કામગીરીમાં પણ મદદગાર બન્યા, જ્યારે સરકાર અને શિક્ષણ વિભાગે ધો.૬ થી ૮ ની શાળાઓ શરૂ કરી તેમાં પ્રત્યક્ષ શિક્ષણ આપી રહ્યા છે પરંતુ ધો.૧ થી ૫ ની શાળાઓ ૧ વર્ષ પછી પણ વિદ્યાર્થીઓ વગર ખૂલી છે. આવા વિદ્યાર્થીઓ માટે છેલ્લા ૨ મહિનાથી શેરી શાળાઓ વિભાગે શરૂ કરાવી છે અને તેની વિગતો એસ.આઈ. મારફતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ એકત્ર કરી રહી છે. પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા અને તેના ૧૪ તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેકાબુ બન્યો છે. ૧૦૦૦ થી વધુ પોઝિટિવ અને શંકાસ્પદ કેસ છે. આ સંજોગોમાં શેરી શાળાએ જતા પ્રા.શિક્ષકોને કોરોનાનું ગ્રહણ લાગવાની પૂરી સંભાવના છે. વર્તમાન સ્ફોટક સ્થિતિને ધ્યાને રાખી પ્રા.શિક્ષણ વિભાગ હાલ પૂરતી શેરી શાળાઓ બંધ કરે તેવી માંગ ઉભી થઈ છે.

## અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગનું માત્ર કોરોના ઉપર ધ્યાન, મચ્છરજન્ય રોગચાળો ભૂલાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

છેલ્લા ૧ વર્ષથી અરવલ્લી જિલ્લાનું આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર માત્ર કોરોના ઉપર ધ્યાન આપી રહ્યું છે જેના કારણે મચ્છરોના ઉપદ્રવને ડામવા પાછલા ૧૨ મહિનામાં કોઈ અસરકારક કામગીરી થઈ નથી અને થઈ હોય તો માત્ર કાગળ ઉપર પૂરી કરી હોવાની માન્યતા છે. છેલ્લા ૧ સપ્તાહથી જિલ્લાના શહેરી અને

### શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ બેકાબુ, સાદા અને ઝેરી મેલેરીયાના કેસમાં ઉછાળાની સંભાવના

ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ બેકાબુ બન્યો છે. મચ્છરજન્ય રોગચાળો વકરે તો હોસ્પિટલોમાં બેડ ખૂટી પડે તેવી દહેશત ઉભી થઈ છે. આ સંજોગોમાં જિલ્લામાં મેલેરીયા શાખાને સજીવન કરવામાં આવે તેવી ગામે ગામથી માંગ થઈ રહી છે.

બૃહદ સાબરકાંઠા જિલ્લામાં અગાઉના મેલેરીયા અધિકારીઓએ આરોગ્ય વિભાગની વાહ વાહી મેળવવા ૧૪ તાલુકા મેલેરીયા નિર્મૂલન ક્ષેત્રે અગ્રેસર હોવાના રિપોર્ટ કરી એવોર્ડ મેળવી લીધા પરંતુ તેનાં ગંભીર પરિણામો જિલ્લા અને પ્રજાને ભોગવવાનો વારો આવ્યો છે. મેલેરીયા ડાર્ક ઝોન તરીકે ઓળખાતા અનેક વિસ્તારોને જરૂરી લાભ મળતા બંધ થઈ ગયા. આ બધા વચ્ચે એકાએક ચીનના વુહાન શહેરથી પ્રસરેલા કોરોના વાયરસે ભારત દેશમાં પણ તબાહી મચાવી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના સરકારી દફતરે નોંધાયેલા ૪૦૦૦થી વધુ કેસ ઉપર આરોગ્ય વિભાગે ધ્યાન આપ્યું જેમાં અરવલ્લી જિલ્લાનું આરોગ્ય વિભાગ માત્ર મોડાસા શહેર પૂરતું જ કાર્યરત હોય તેવું ચિત્ર જોવા મળ્યું. છેલ્લે સ્થિતિ એ થઈ કે કોરોનાએ શહેરી વિસ્તારને પણ ઘમરોળી નાખ્યો. અત્યારે ભલે તંત્ર બધું કંટ્રોલમાં હોવાના દાવા કરતું હોય પરંતુ વાસ્તવિક સ્થિતિ વિસ્ફોટક છે અને એ સાથે જ મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધ્યો છે. આગામી એક સપ્તાહમાં જ મચ્છરોના ઉપદ્રવના કારણે સાદા અને ઝેરી મેલેરીયાના કેસમાં ઉછાળો આવવાની પૂરી સંભાવના છે. કેટલાક લોકોએ જણાવ્યું કે મચ્છરો પણ આધુનિક બની ગયા છે. મચ્છરોના ઉપદ્રવને નાશ કરતી દવા-અગરબત્તી પણ બેઅસર સાબિત થઈ રહી છે.

## શહેરોમાં કોરોનાએ કહેર મચાવ્યો, ગામડાઓમાં સોશિયલ ડીસ્ટન્સના લીરેલીરા

ગુજરાત રાજ્યમાં મોટા - મોટા શહેરોમાં કોરોના વાઈરસએ પુનઃ કાળો કહેર મચાવ્યો છે.કોરોના વાઈરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે વધી રહ્યું હોઈ તેવું લાગી રહ્યું છે.ગામડાઓમાં સોશિયલ ડીસ્ટન્સના લીરે લીરા ઠેર-ઠેર ઉડી રહ્યા છે.કોરોનાની ઐસી કી તૈસી જેવો ઠેર-ઠેર માહોલ જોવા મળી રહ્યો છે.અમુક લોકો મોઢા પર માસ્ક બાંધ્યા વગર બજારોમાં બિન્દાસ્ત ફરી રહ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસ અંતર્ગત ગાઈડ લાઈન નું ચુસ્તપણે મોટા ભાગે કોઈ પાલન કરતું નથી ત્યારે કોરોના વાઈરસની મહામારીએ પુનઃ શહેરોમાં હાહાકાર મચાવી દીધો છે.અમુક બેજવાબદાર પ્રજાજનોની લાપરવાહીના કારણે કોરોના વાઈરસ પુનઃ વકર્યો છે.

હવે સાવધાની નહી રાખીએ તો પ્રજાજનોએ ભયાનક પરીણામો ભોગવવા માટે તૈયાર રહેવું પડશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારોમાં પણ હવે કેસો દિન-પ્રતિ-દિન વધી રહ્યા છે.

### આતંકવાદી ઉતરતા હોય તેવો વ્યવહાર

## જિલ્લાના બસ મથકો પર ટીકીટ ચેકરોના ધામા

### ખાનગી વાહન ચાલકો માટે કૂણી લાગણી, ચેકીંગના બહાને એસ.ટી. બસને વિલંબમાં નાખી, અંદરખાને મીલીભગતના આક્ષેપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

સાબરકાંઠા, અરવલ્લી એસ.ટી. ડેપોમાંથી ખાનગી વાહન ચાલકો રોજ મુસાફરો ખેંચી જઈ એસ.ટી. વિભાગને કરી દેવાતાં મુસાફરો ખાનગી વાહનોમાં મુસાફરી કરવા માટે મજબૂર બન્યા છે. એસ.ટી. મુસાફરોનો સમય બરબાદ થતો હોય છે. સવારના સમયે નોકરીયાત વર્ગ તેમજ શાળામાં મથકોમાં જોવા મળતી હોવાથી ટીકીટ ચેકીંગના નામે મુસાફરોની હેરાનગતિના કારણે





જિલ્લાના બસ મથકોમાં હમણાંથી ટીકીટ ચેકરોએ ધામા નાખી દીધા છે. રોજ અલગ અલગ વિસ્તારોની ટીમો સરકારી વાહન સાથે ડેપોમાં ઉભી થઈ જાય છે અને એસ.ટી.બસમાંથી જાણે કે આતંકવાદી ઉતરવાના હોય તે રીતે કાયમી મુસાફરો તેમજ વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર થતો હોવાથી રોષ જાગ્યો છે. લાખો રૂપિયાનો ધુમ્બો લગાવતા હોવા છતાં એસ.ટી. વિભાગની આ મુદ્દે બોલતી બંધ થઈ છે પરંતુ ચેકીંગના નામે મુસાફરોની કનડગત તંત્રને કોઠે પડી છે.

એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોની પાયાગત સુવિધાઓને ધ્યાનમાં લેવાતી નથી. આવક ઓછી હોવાના નામે કાયમી અસંખ્ય રૂટ બંધ બસની સમાંતરે ખાનગી વાહનો દોડતાં હોવા છતાં એસ.ટી. વિભાગના જવાબદાર અધિકારીઓએ આંખે પાટા બાંધી લીધા છે. હોળી-ધુળેટીના તહેવાર નજીક આવતાં બસ મથકોમાં મુસાફરોની અવર જવરમાં વધારો થયો છે ત્યાં હમણાંથી મોડાસા સહિતના બસ મથકોમાં ટીકીટ ચેકરોના કાયમી ધામાના કારણે અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ બસમાંથી ડેપોમાં ઉતરતા હોય તે સમયે અધિકારીઓ જાણે કે બસમાંથી કોઈ મોટો ગુનેગાર ઉતરવાનો હોય તે રીતે દોટ લગાવી પાસ તેમજ ટીકીટ ચેક કરવા માટે રસ્તો આંતરીને ઉભા થઈ જતા હોય છે. છેલ્લા કેટલાક દિવસોથી આજ સ્થિતિ જિલ્લાના મોટાભાગના બસ કાયમી મુસાફરો સમસમી ઉઠ્યા છે. રોજ બસ મથકના દરવાજેથી ખાનગી વાહન ચાલકો એસ.ટી.નાં મુસાફરો ખેંચી જતા હોય છે તેની સામે તંત્ર પગલાં ભરવામાં ડરી રહ્યું છે પરંતુ નિયમિત મુસાફરો અને વિદ્યાર્થીઓને હેરાન કરવાની એકપણ તક તંત્રના અધિકારીઓ છોડતા ન હોવાથી આશ્ચર્ય ઉભું થયું છે.